## FORM A

| |
|---|
| **કાલવડના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**<br>**મુકામ–કાલાવડ**<br><br>**સમક્ષ : અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની**<br>**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, કાલાવડ**<br><br>**ફોજદારી કેસ નંબર– ૨૩૪/૨૦૨૪**<br>**આંક –**<br><br>**કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન એફ.આઈ.આર.**<br>**નં.૧૧૨૦૨૦૩૦૨૪૦૦૧૮/૨૦૨૪** |

| | |
|---|---|
| **ફરિયાદી** | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| **ફરિયાદ પક્ષ તરફે** | વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયા |
| **આરોપી/ઓ** | **(૧) ઇસ્માઇલભાઇ યાસીનભાઇ કાજી**<br>ઉ.વ.૩૨ , ધંધો– વકીલાત,<br><br>**(૨) ફરજાનાબેન વા/ઓ.યાસીનભાઇ કાજી**<br>ઉ.વ.૫૬, ધંધો– ઘરકામ,<br><br>**(૩) યાસીનભાઇ સતારભાઇ કાજી**<br>ઉ વ. ૫૯, ધંધો–ડ્રાઈવીંગ,<br>રહે.બધા–ઘાણીવાળી શેરી, મેઇન બજાર<br>કાલાવડ, જી.જામનગર |
| **આરોપી પક્ષ તરફે** | વિ.વ.શ્રી.એમ.એચ.જુણેજા |

## FORM B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૦૬/૦૧/૨૦૨૪ |
| **એફ.આઈ.આર. નોંધાયા તારીખ** | ૦૬/૦૧/૨૦૨૪ |
| **ચાર્જશીટ દાખલ થયા તારીખ** | ૨૦/૦૨/૨૦૨૪ |
| **તહોમતનામું ઘડયા તારીખ / પ્લી રેકર્ડ કર્યા** | ૨૦/૦૨/૨૦૨૪ |

| | |
|---|---|
| તારીખ | |
| ચુકાદા માટે મુકરર થયા તારીખ | ૧૭/૦૭/૨૦૨૬ |
| ચુકાદો જાહેર થયા તારીખ | ૧૭/૦૭/૨૦૨૬ |
| જો કોઈ સજા ફરમાવી હોય તો તેની તારીખ | – |

## આરોપી/ઓની વિગત

| અનુક્રમ નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન મુક્ત થયા તારીખ | ગુનાનું તહોમત | નિર્દોષ / દોષિત | સજા ફરમાવી હોય તો તેની વિગત | ક્રિ.પ્રો.કો.ક.૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજાનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | **ઈસ્માઈલભાઈ યાસીનભાઈ કાજી** | સી.આર.પી.સી. કલમ– ૪૧(૧) મુજબ ની નોટીસ | ૨૦/૦૨/ ૨૦૨૪ | ઈન્ડિયન પીનલ કોડ ની કલમ-૪૯૮(એ), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), તથા ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ- ૩,૪ મુજબ | આખરી હુકમ મુજબ | – | – |
| ૦૨ | **ફરજાનાબેન વા/ઓ.યાસીનભાઇ કાજી** | | | | | | |
| ૦૩ | **યાસીનભાઇ સતારભાઇ કાજી** | | | | | | |

## -// ચુ કા દો //-

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ પહેલાના છેલ્લા બે વર્ષથી આ કામના ફરિયાદીને સહ ત્હોમતદારોએ અવારનવાર ઘરકામ બાબતે મેળા ટોણા મારી શારીરિક, માનસિક, દુઃખ, ત્રાસ આપી ફરિયાદી તથા ફરિયાદીના માવતર પાસે દહેજ માંગી તથા વધારે દહેજની માંગણી કરી અવારનવાર ફરિયાદીને જેમ આવે તેમ ભુંડી ગાળો બોલી અવારનવાર માર મારી ફરિયાદીને ઘરેથી બહાર કાઢી મૂકી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી તો આરોપીઓએ ઇન્ડિયન પીનલ કોડ ની કલમ- ૪૯૮(એ), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), તથા ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ- ૩,૪ મુજબના ગુનોનો આક્ષેપ છે.

(૨) કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન એફ.આઈ.આર. નં.૧૧૨૦૨૦૩૦૨૪૦૦૧૮/૨૦૨૪ થી ફરિયાદ નોંધાવેલી. જે કામે તપાસ અધિકારીએ પુરતી તપાસ કરી લાગતા વળગતા સાહેદોનાં વિગતવાર નિવેદનો નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુઘ્ઘ પુરતો પુરાવો જણાતાં આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપીઓને પ્રોસેસની ધોરણસર બજવણી થતાં આરોપી હાજર થયેલા હોઈ, આંક-૦૩ થી ત્હોમતનામુ ફરમાવી, આંક-૪,૫,૬ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે. જેમાં આરોપીને સી.આર.પી.સી- ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે મળેલ હોવાની ખાતરી કરવામાં આવેલી, આરોપીઓએ પોતાની સામેના આક્ષેપ મુજબના ગુનાનો ઈન્કાર કરેલ હોઈ, આ કામે ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ.

(૩) આ કામે પ્રોસીક્યુશન તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

### FORM-C

ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ સાહેદોના પુરાવાની

### વિગતો

A. ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | હીનાબેન વા/ઓ.ઇસ્માઇલભાઇ યાસીનભાઇ કાજી ડો./ઓ. ગફારભાઇ | ફરીયાદી | ૩૫ |

| | | | |
|---|---|---|---|
| | ઈસ્માઈલભાઈ કાજી | | |
| ૦૨ | ગફારભાઈ ઈસ્માઈલભાઈ કાજી | સાહેદ | ૪૧ |

B.આરોપી પક્ષ તરફે મૌખિક પુરાવો, જો કોઈ હોય તો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | – – – | – – – | – – – |

C.કોર્ટ દ્વારા નોંધાયેલ પુરાવો, જો કોઈ હોય તો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | – – – | – – – | – – – |

ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવાની

**વિગતો**

A. ફરિયાદ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૩૬ | ફરિયાદ |
| ૦૨ | ૪૨ | સમાધાન પુરશીશ |
| ૦૩ | ૪૩ | કલોઝીંગ પુરશીશ |

B. બચાવ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | – – – | – – – |

C. અદાલત દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | – – – | – – – |

D. મહત્વનો પુરાવો (મટીરીયલ ઓબ્જેક્ટ)

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | — — — | — — — |

(૪) પ્રસ્તુત કામે ઉપરોક્ત પુરાવો રજૂ થયા બાદ ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવા સબબ આરોપીનું સી.આર.પી.સી ની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના તેમના વિરૂદ્ધ આવેલા પુરાવાની હકીકતો નકારી કાઢી છે. આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. આરોપીએ વિશેષમાં જણાવ્યું છે કે, તેઓ આરોપી નિર્દોષ છે,ખોટી ફરીયાદ કરેલ છે.

(૫) પ્રસ્તુત કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તથા આરોપીના વિ.વ.શ્રીની પણ મૌખિક દલીલો વિગતવાર સાંભળવામાં આવેલ છે. ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ સદરહું દલીલોનો અલાયદો ઉલ્લેખ નહીં કરતાં, અહીં આપવામાં આવેલ કારણોમાં દલીલોનો વિગતવાર સમાવેશ કરવામાં આવેલ છે અને નિર્ણય ઉપર આવતી વખતે સમગ્રપણે ધ્યાને રાખવામાં આવેલ છે.

(૬) પ્રસ્તુત કામે ન્યાય નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ પહેલાના છેલ્લા બે વર્ષથી અવારનવાર આ કામના ફરિયાદીના પતિ ઇસ્માઇલભાઇ યાસીનભાઇ કાજી, સસરા યાસીનભાઇ સતારભાઇ કાજીઅને સાસુ ફરજાનાબેન વા/ઓ.યાસીનભાઇ કાજીએ ઘરકામ બાબતે મેળા ટોણા મારી શારીરિક, માનસિક, દુઃખ, ત્રાસ આપી ફરિયાદી તથા ફરિયાદીના માવતર પાસે દહેજ માંગી તથા વધારે દહેજની માંગણી કરી અવારનવાર ફરિયાદીને જેમ આવે તેમ ભુંડી ગાળો બોલી અવારનવાર માર મારી ફરિયાદીને ઘરેથી બહાર કાઢી મૂકી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી તો આરોપીઓએ ઇન્ડિયન પીનલ કોડ ની કલમ– ૪૯૮(એ), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), તથા ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ– ૩,૪ મુજબનો ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

## -// કા ર ણો //-

**મુદ્દા નંબર–૧ અને ૨**

(૮) જો ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે એવી રીતે પુરવાર કરે કે જેનાથી ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉદ્દ્ભવતી ના હોય અને એક અતૂટ સાંકળ જેમ દરેક કડીઓ એકબીજાને સાંકળે તેવો સળંગ અને મજબૂત પુરાવો રજુ થાય, તો જ આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય. પરંતુ, જો ફરિયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ જણાય તો તેનો સીધો લાભ આરોપીને મળવો જોઈએ. તેથી ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું ઊંડાણપૂર્વક ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવુ જરૂરી થઈ પડે છે.

(૮.૧) આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. તથા હાલનાં ગુન્હામાં આરોપીઓ વિરુધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજ ફરિયાદપક્ષ પર રહેલો છે.આમ, આ કામના આરોપીઓ સામે જ્યારે, ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૯૮(એ), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), તથા ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ– ૩,૪ મુજબના ગુનાના આક્ષેપો છે ત્યારે, સદરહું ગુનાઓની જોગવાય ધ્યાને લેતા, ફરીયાદ પક્ષે સદરહું ગુનાઓ સાબિત કરવા, નીચે મુજબના તત્વો તેમના સકારાત્મક પુરાવાથી રેકર્ડ પર શંકાથી પર સાબિત કરવાના રહે છે.

***(એ) ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ના તત્વો.***

(૧) આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવ્યા,

(૨) આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વૈચ્છાપુર્વક કર્યુ હતુ.

*(બી) ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક)ના તત્વો.*

(૧) ભોગ બનનાર સ્ત્રી પરણિત હતી,

(૨) આવી સ્ત્રીને ક્રૂરતાનો ભોગ બનાવવામાં આવી હતી,

(૩) એવું ઈરાદાપુર્વકનું વર્તન કરવામાં આવ્યું હતું કે, જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીન્દગી, શરીરના કોઈ અવયવ કે, માનસિક અથવા શારિરીક 1 આરોગ્યને જોખમમાં મૂકવા પ્રેરાય, અથવા

(૪) સ્ત્રી કે, તેણીના સગાના દબાણથી કોઈ મિલકત કે, કિંમતી જામીનગીરી માટેની ગેરકાનૂની માંગણી પૂરી કરે તે માટે ત્રાસ આપવામાં આવે અથવા સ્ત્રી કે, તેણીના સગા આવી માંગણી સંતોષી શકયા ન હોય તે માટે આવો ત્રાસ આપવામાં આવતો હોય,

(૫) આવી ક્રૂરતા અથવા ત્રાસ પતિ કે, પતિના સગા દ્વારા આપવામાં આવ્યો હોય.

*(સી) ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ ના તત્વો.*

(૧) મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે ગુન્હો બન્યો હોવો જોઈએ,

(૨) તે મુખ્ય ગુન્હામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ,

(૩) ગુન્હો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ,

(૪) અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો, તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા,

(૫) ગુન્હો બનતા પહેલા તથા ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

(૧૦) ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષે **આંક–૩૫** થી **ફરિયાદી હીનાબેન વા/ઓ.ઈસ્માઈલભાઈ**

**યાસીનભાઈ કાજી ડો./ઓ. ગફારભાઈ ઈસ્માઈલભાઈ કાજીને** સોગંદ પરના પુરાવાથી તપાસવામાં આવેલા છે. સદર ફરીયાદી સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના નીકાહ તા.૧૫/૧૦/૨૧ના રોજ ઈસ્માઈલભાઈ યાસીનભાઈ કાઝી સાથે કાલાવાડ મુકામે થયેલા ત્યારથી આજદિન સુધી તેઓ તેમની પરણીકા છુ. નીકાહના ત્રણ મહીના બાદ તેઓના સાસુ સસરા ઘરકામ બાબતે ટોર્ચરીંગ કરતા, રસોઈ કામમાં મીઠુ ઓછુ હોવા જેવી સામાન્ય બાબતોમાં ગાળો આપતા અને કરીયાવર બાબતે તેઓને એવુ કહેતા કે, તુ ગરીબની દીકરી છો અને દહેજમાં કઈ લાવેલ નથી અને જયારે તેઓ તેમના માવતરે જતી ત્યારે તેમની પાસે ગાડી લઈ આવવાની માંગણી કરતા, તેમજ તેમના પતી તેમને કહેતા કે, તેમણે તે જોઈતી નથી અને તેઓના નીકાહ થયા બાદ તેમણે અન્ય એક છોકરી સાથે પ્રેમ થઈ ગયેલો અને આ બાબતની જાણ તેઓના પતીએ તેમને કહેલ કે, તેમણે તો એક દીલ્હી વાળી સાથે પ્રેમ છે અને તુ હવે જોઈતી નથી અને તેમના પતી તથા તેમણા સાસરા પક્ષના તમામ લોકો તેમના પીતાને જેમ ફાવે તેમ ગાળો આપતા, અને મોહરમનો તહેવાર હતો ત્યારે બધા લોકો બહાર જતા રહેલા અને તેમને એકલી ઘરે રાખેલા અને તેમના માવતરે જવા દીધેલ નહી. તા.૨૮/૧૧/૨૨ ના રોજ તેમની માતા તેમના સાસરે મારી ખબર કાઢવા આવેલા હતા ત્યારે તેમણી તબીયત બરાબર ન હોય જેથી તેમનણી માતા તેમના મારા સાસરેથી તેઓની રજા લઈને તેમના માવતરે લઈ આવેલા. ત્યાર બાદ બીજા દિવસે રાત્રે તેઓના મમ્મી મને તેમના સાસરે મુકાવા આવેલા ત્યારે તેમના સસરાએ ડેલી બંધ કરી દીધેલી અને ઘરમાં ન આવવા દીધેલી. ત્યારે તેમના પતી ઘરે ન હોય અને કહેલ કે, તે આવે ત્યારે આવ જે અને ત્યાર બાદ તેઓએ તેમની જ્ઞાતીના આગેવાન કે જે મારા માસા થાય છે અને તેઓનુ નામ કાઝી અલી મામદભાઈ છે તેઓ તથા તેઓના મોટા કાજી સતારભાઈ ઈસ્માઈલભાઈ તથા કાઝી મહમદ સફી કે જેઓ તેમના મોટા બાપુના દીકરા થતા હોય, બાપુ તેઓને સાથે રાખી સમાધાન કરવા માટેના પ્રયત્નો કરેલ. પરંતુ તેમના સાસરીયા વાળાઓ સમાધાનની ના પાડેલ અને કહેલ કે હવે તુ જોઈતી નથી કારણકે, તેઓને બીજે નીકાહ કરવા હતા. આમ, અનેક વખત પ્રયત્નો કરવા છતા સમાધાન થયેલ નહી અને તેમના નીકાહ હજી આજદિન સુધી ચાલુ હોવા છતા આ કામના આરોપીઓએ આરોપી નં.૧ના નીકાહ કરાવી દીધેલા અને તેઓના નીકાહ વખતે મળેલ સ્ત્રી ધનનો તમામ દાગીના તેમના સાસુએ પોતાની પાસે રાખી લીધેલો અને એમ તમામ સામાન કપડા, દર દાગીનાઓ તમામ ચીજવસ્તુઓ આજની તારીખે પણ તેમના સાસુના કબ્જામાં રહેલ છે. અને તેમના માસા જયારે મારુ સ્ત્રી ધન તથા કરીયાવરનો સામાન લેવા ગયેલા ત્યારે તેમણા સાસુએ કહેલ કે, આ તમામ સામાન સળગાવી નાખવો છે અને જો હીનાને મોકલશો તો તેને પણ સળગાવી નાખીશું. આમ, આ કામના આરોપીઓ વિરુધ્ધ અમોએ આરોપી નં.૧

ના નીકાહ તેમના પરીવાર દ્વારા કરાવી દેવામાં આવ્યા બાદ ઉપરોકત કામની ફરીયાદ તેઓએ આપેલી. જે અસલ ફરીયાદ રજુ દા. આંક–૩૬ છે.

(૧૦.૧) આ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે સ્વીકાર્યું છે કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપવી ફોજદારી ગુન્હો બને છે તે તેઓ જાણે છે. સાહેદે સ્વીકાર્યું છે કે, મારા લગ્ન પહેલા હુ કે.જી.એન. સ્કૂલમાં નોકરી કરતી અને ત્યાર બાદ નાની વંદનામાં નોકરી કરતી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓ તા. ૨૨/૧૦/૨૦૨૪ થી તેઓ તેમના માવતરે છુ. સાહેદે જણાવ્યું છે કે, તેઓ બી.ઓ.બી.ની શાખામાં તેઓનો પગાર જમા થતો હતો.સાહેદે જણાવ્યું છે કે, તેઓના એરેંજ મેરેજ થયેલ. તેઓ અને તેમના પતી એક જ્ઞાતીના છીએ. સાહેદે જણાવ્યું છે કે, તેમની જ્ઞાતીમાં દહેજની કોઈ પ્રથા નથી. સાહેદે જણાવ્યું છે કે, તેઓ તેમના લગ્ન બાદથી તેમના માવતરે ગયેલ તે સમયગાળા દરમીયાન મે હાલની ફરીયાદ સીવાય અગાઉ કોઈ અન્ય ફરીયાદ કરેલ નથી કે ૧૦૦ કે ૧૧૨ માં ફોન કરી પોલીસને બોલાવેલ હોય તેવુ બનેલ નથી. સાહેદે જણાવ્યું છે કે, તેમણે પોલીસને ટાઈપ કરેલી અરજી આપેલ અને તે વકીલ સાહેબ હસ્તક આપેલ. સાહેદે સ્વીકાર્યું છે કે, તે અરજી તેમની સહી કરીને પોલીસ સ્ટેશને આપેલ. સાહેદે સ્વીકાર્યું છે કે, સરીયતના કાયદા મુજબ પ્રથમ પત્નીની હાજરીમાં જો બીજા નીકાહ કરવાના હોય તો પ્રથમ પત્નીની પૂર્વ પરવાનગી લીધા વગર અને તેમની વ્યવસ્થા કર્યા સીવાય બીજા કોઈ નીકાહ માન્ય ન હોય તેવી હકીકત તેઓની ફરીયાદમાં લખાવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, મને મુસ્લીમ સરીયત અને કાયદા વીશેની જાણકારી છે. ઉ.ત.માં કરેલ સવાલ મુસ્લીમના સરીયતના કાયદા મુજબ મુસ્લીમ પતી કેટલી પત્ની રાખી શકે? સાહેદ જવાબમાં જણાવેલ છે કે, સામાન્ય રીતે ચાર પત્ની રાખી શકે પરંતુ પ્રથમ પત્નીની સહમતી તથા મંજુરી અનીવાર્ય રહે છે. સાહેદે સ્વીકાર્યું છે કે, સરીયતના કાયદા મુજબનો કોઈ દસ્તાવેજ મારી ફરીયાદ સાથે આપેલ. સાહેદે સ્વીકાર્યું છે કે, સરીયતમાં પત્નીએ પતીની સાથે પતી જે હાલમાં રહે અને જે રીતે રાખે તે રીતે સાથે રહેવું તેમજ પત્નીએ પતીની મંજુરી વીના ઘરની બહાર ન જવુ તેવુ પણ માર્ગદર્શન આપવામાં આવેલ છે. સાહેદે જણાવ્યું છે કે, તેમને કોઈ બીમારી નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓને તેમના પતી ડોકટર વાય.કે.ઓઝા પાસે લઈ જતા હતા. ડોકટ ડોકટર વાય.કે.ઓઝા કઈ બીમારીના સ્પેશ્યલીસ્ટ છે તે મને ખબર નથી. સાહેદે સ્વીકાર્યું છે કે,તેઓની સાથે તેમના બહેન નજીરાબેનના લગ્ન સાથે થયેલા. રસાહેદે જણાવ્યું છે કે, તેઓ પોલીસ સ્ટેશને અરજી આપ્યા બાદ આશરે બે વખત પોલીસ સ્ટેશને ગયેલી. સાહેદે જણાવ્યું છે કે, અરજી આપ્યા બાદ હુ કેટલા સમય બાદ ગયેલ તે હાલ યાદ નથી. સાહેદે જણાવ્યું છે કે, આ અરજી આપવા તેઓ અને તેમના પીતા

ગયેલા. ઉ.ત.માં પુછવામાં આવેલ સવાલ તેમને પોલીસે બોલાવેલ ત્યારે પોલીસે તેમને કોઈ વિગત પુછેલ હોય અને તેઓએ પોલીસને કઈ લખાવેલ હોય તેવુ બનેલ નથી અને પોલીસે મને સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ? સાહેદ જવાબમાં જણાવ્યું છે કે, હા. સાહેદ હવે જણાવે છે કે, પોલીસે તેઓની ફરીયાદ તેમને વાંચી સંભળાવી ત્યાર બાદ મે તેમા સહી કરેલ. સાહેદે સ્વીકાર્યું છે કે, હાલની ફરીયાદ બાદ પોલીસ તેમના ઘરે આવેલ હોય તેવુ બનેલ નથી. સાહેદે જણાવ્યું છે કે, તેમના પીતાનું નામ ગફારભાઈ ઈસ્માઈલભાઈ છે અને તેમની માતાનું નામ ફરીદાબેન છે. સફીમીયા તેમના કાકાના દીકરા ભાઈ છે, સતારભાઈ ઈસ્માઈલભાઈ તેમના મોટા બાપુ થાય છે, અલીમામદ સુલેમાનભાઈ તેમના માસા થાય છે, અને હાજીભાઈ આમદભાઈ તથા ફીરોજભાઈ તેમના પીતાના મીત્ર છે. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓએ તેમની ફરીયાદમાં જણાવેલ કુટુંબીક હિંસા તથા કરેલ આક્ષેપોનો કોઈ ચોકકસ તારીખ સાથે સમય જણાવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેમના પતીએ કોઈ મારકુટ કરેલ હોય તેની તેમને કોઈ ડોકટરી સારવાર લીધેલ. સાહેદે સ્વીકાર્યું છે કે, મને મારા માવતરેથી આપેલ કરીયાવર બાબતનુ કોઈ લીસ્ટ પોલીસને આપેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેમને મળેલ કોઈ દાગીના અંગેનુ કોઈ લીસ્ટ મે પોલીસને મારી ફરીયાદમાં આપેલ નથી. સાહેદે જણાવ્યું છે કે, દહેજની માંગણી કરવામાં આવેલ ત્યારે મારા સાસુ તથા સસરા હાજર હતા. વધુમાં ઉ.ત.માં પુછવામાં આવેલ સાહેદના સવાલ તમે તમારા માવતરે તા.૨૨/૧૦/૨૨ થી તા.૬/૧/૨૪ સુધીના સમયગાળા દરમીયાન ફરીયાદ મોડી કરવાનુ કોઈ કારણ તમારી ફરીયાદમાં જણાવેલ નથી? સાહેદે જવાબમાં જણાવ્યું છે કે, તેઓના પતીએ બીજા લગ્ન કરી લીધેલ જેથી ખબર પડતા ફરીયાદ કરેલ. સાહેદે સ્વીકાર્યું છે કે, મારા પતીએ બીજા નીકાહ કરેલ એટલે તેઓએ આ ફરીયાદ કરેલી. સાહેદે સ્વીકાર્યું છે કે, જો તેમના પતી બીજા નીકાહ ન કરે તો હજી ય આ ફરીયાદ કરેલ ન હોત. સાહેદે સ્વીકાર્યું છે કે, લગ્ન અંગેનુ પ્રમાણપત્ર વિશે તેને માહીતી છે અને તે કઢાવી શકે પણ તેમ છે. સાહેદે સ્વીકાર્યું છે કે, રાધે કોમ્પ્યુટરમાં દસ્તાવેજ તૈયાર કરેલ છે. સાહેદે જણાવ્યું છે કે, બનાવ બાદ મારે આરોપીઓ સાથે કોઇ તકરાર રહેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓને તેમના સાસુ-સસરા તરફથી કોઇ દુ:ખ ત્રાસ આપવામાં આવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેમને તેમણા માવતરે જતા રહેવા આ કામના આરોપીઓએ જણાવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, આરોપીઓ દ્વારા તેમને દહેજ કરીયાવર બાબતે કોઇ દુ:ખ ત્રાસ આપેલ નથી કે કોઇ એવી માંગણી કરેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓને તેમના સાસરીયા પક્ષના વિરુધ્ધ ફરીયાદમાં તથા સરતપાસમાં જણાવેલ તે હકીકત બનેલ નથી, આવેશમાં આવી ફરીયાદ કરેલી. સાહેદે સ્વીકાર્યું છે કે, આરોપીઓ સાથે તેમને ઘર મેળે કોઇ પણ જાતના દાબ

દબાણ વિના તેમની સ્વેચ્છાથી સમાધાન થઇ ગયેલ છે. સાહેદે સ્વીકાર્યું છે કે, તેમને હવે આ કામના આરોપીઓ સાથે કોઇ તકરાર રહેતી નથી.

(૧૧) ફરિયાદપક્ષે **આંક–૪૧** થી સાહેદ **ગફારભાઈ ઈસ્માઈલભાઈ કાજી** ગોરાઈને સોગંદ પરના પુરાવાથી તપાસવામાં આવેલા છે. આ કામના ફરિયાદી હીનાબેન તેઓની દીકરીને તેઓની દીકરીના લગ્ન આરોપી ઈસ્માઈલભાઈ સાથે થયેલા તેઓની દીકરીને સાસરીમાં ઘર કામકાજ બાબતે સામાન્ય ઠકરારો થઈને અને તેઓની દીકરીને લાગી આવતા તેઓની દીકરીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપે આથી વિશેષ કાંઈ બનેલ નથી.

(૧૧.૧) આ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓની દીકરીએ સાસરીમાં કોઈ ત્રાસ હોવા બાબતની તેઓને કોઈ જાણ કરેલ નથી સાહેદે એ સ્વીકાર્યું છે કે આરોપીઓએ તેમની દીકરીને સાસરીમાં રાખવી હોય તો દહેજ આપવું પડશે તેવી કોઈ માંગણી કરે નથી સાહેદે જણાવ્યું છે કે તેઓની દીકરી મુક્ત પણે હરે ફરે છે

(૧૨) ફરીયાદપક્ષે તે સીવાય બીજા કોઈ અન્ય મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને પોતાનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે.

(૧૩) ઉપરોકત સમગ્ર વિગતે ફરીયાદ પક્ષે રજુ કરેલ મોખિક કે દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કામના ફરીયાદી તેઓ ની ફરીયાદ ની હકીકતો ને સમર્થન કરતા નથી અને ફરીયાદી ફરી ગયેલા જાહેર થયેલ છે. ફરીયાદી નો મૌખિક પુરાવો જોતા આ કામના આરોપી નં. ૧ સાથે તેઓના જ્ઞાતી ના રીત રીવાજ મુજબ નીકાહ થયેલ, લગ્ન બાદ તેઓ સંયુકત પરીવાર માં સાથે રહેતા હતા, ત્રણ માસ લગ્ન જીવન સારી રીતે ચાલેલ ત્યારબાદ તેઓને આ કામના આરોપીઓ સાથે ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થયેલી જેથી તેઓ પોતાના પિયર જતા રહેલા અને આ કામની ફરીયાદ આપેલ હોવાનું જણાવેલ છે. આ કામના ફરીયાદી નો મૌખિક પુરાવો જોતા આરોપીઓએ ફરીયાદી ને ગાળો બોલી કે જાનથી મારી નાખવાની ધમકી કે મારકુટ કરી શારીરીક માનસીક ત્રાસ આપેલ હોય તેવી કોઈ હકીકતો ફલીત થતી નથી. ફરીયાદની ની ઉલટતપાસ જોતા તેઓને આરોપી નં. ૧ બનાવ બાદ મારે આરોપીઓ સાથે કોઇ તકરાર રહેલ નથી, તેઓને તેમના સાસુ–સસરા તરફથી કોઇ

દુ:ખ ત્રાસ આપવામાં આવેલ નથી, તેમને તેમણા માવતરે જતા રહેવા આ કામના આરોપીઓએ જણાવેલ નથી, આરોપીઓ દ્વારા તેમને દહેજ કરીયાવર બાબતે કોઇ દુ:ખ ત્રાસ આપેલ નથી કે કોઇ એવી માંગણી કરેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓને તેમના સાસરીયા પક્ષના વિરુધ્ધ ફરીયાદમાં તથા સરતપાસમાં જણાવેલ તે હકીકત બનેલ નથી, જે આવેશમાં આવી ફરીયાદ કરેલી.જેથી ધરમેળે સમજુતી થી સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદીએ તદ્દન ફરિયાદથી વિરોધાભાસી પુરાવો સોગંદ ઉપર આપેલ છે. આમ, આંક–૩૬ ની અસલ ફરીયાદ પુરવાર થતી નથી. તે સીવાય ફરીયાદપક્ષે સાહેદ ગફારભાઇ ઈસ્માઈલભાઈ કાજીને આંક–૪૧ થી તપાસેલ છે. સદર સાહેદ ફરીયાદીના પિતા છે. તેઓએ પણ ફરીયાદીએ આપેલ સોગંદ પરના કથનને સમર્થન આપેલ છે તેમજ બનાવમાં બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓની દીકરીએ સાસરીમાં કોઈ ત્રાસ હોવા બાબતની તેઓને કોઈ જાણ કરેલ નથી સાહેદે એ સ્વીકાર્યું છે કે આરોપીઓએ તેમની દીકરીને સાસરીમાં રાખવી હોય તો દહેજ આપવું પડશે તેવી કોઈ માંગણી કરે નથી આમ, ફરિયાદપક્ષને ઉપયોગી નિવડે તેવો કોઈ પુરાવો રેર્કડ પર આવેલ હોવાનુ ફલિત થતુ નથી. ફરીયાદી પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવો જોતા આરોપીઓ એ આક્ષેપિત ગુનો કરેલ હોવાનું સાબિત થતુ નથી કે ફરીયાદ પક્ષના પુરાવામાંથી આરોપીઓએ મારકુટ કરી શારીરીક માનસીક ત્રાસ આપેલ હોય તેવી કોઈ હકીકતો સ્પષ્ટપણે સાબિત થતી નથી. આમ, ફરિયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવો જોતાં આરોપીઓએ ફરિયાદીને શારીરીક માનસીક ત્રાસ આપેલ હોય તેવુ યોગ્ય કે માનવા લાયક કોઈ પુરાવાથી સાબિત થતુ નથી. વધુ માં, ફરીયાદી ને આરોપીઓ એ સાથે સમાધાન થઈ ગયેલ હોય ફરીયાદ પક્ષ આરોપી ઓ વિરૂધ્ધ પુરાવો રજુ કરતા નથી તેવું પણ માનવા ને કારણ રહે છે. આમ, સમગ્ર વિગતે ફરીયાદ પક્ષ નો મૌખિક કે દસ્તાવેજી પુરાજો જોતા ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવામાં આવે છે.

(૧૪) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધના આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમજ ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓથી આરોપીને આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય ઉપસ્થિત મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં.૨ નો ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ::

(૧) આ કામનાં આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) નાં પ્રબંધો અનુસાર તેઓની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૯૮(એ), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), તથા ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ– ૩,૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ કિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) ની જોગવાઈ મુજબ સદર ચુકાદા વિરૂધ્ધ અપીલ થાય તો તે સંદર્ભ ના છ માસ માટેના સમયગાળા માટેના રૂા.૧૫,૦૦૦/–(અંકે પંદર હજાર પુરાના) સધ્ધર જામીન અને તેટલી રકમના જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજ તા. ૧૭મી માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ – ૧૭/૦૭/૨૦૨૬
સ્થળ –કાલાવડ

**અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની**
જજ કોડ – જીજે૦૧૬૦૬
જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ, કાલાવડ